જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૧/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૫૫ લીટર દેશી દારૂ, ૧૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૩૯૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૩૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૪૫/૨૦૨૬**

અમરાઈવાડીઃ મનીષભાઇ દિનેશભાઇ નાગર (ઉ.વ.૨૯)(રહે.સ્વામીનારાયણનગર રાષ્ટ્રભારતી સ્કુલ સામે, સીટીએમ હાટકેશ્વર રોડ, અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૧/૨૦૨૬ રાતના ૯/૦૦ થી તા.૦૯/૦૧/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન હાટકેશ્વર ચાર રસ્તા પાસે અંબીકા રોડ સાગર એપાર્ટમેન્ટમાં દુકાન નંબર–પી/૬ ખાતે આવેલ મનીષભાઇની "શ્રી મહાલક્ષ્મી જ્વેલર્સ" નામની દુકાનની પાછળની દિવાલ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી ચાંદીના દાગીના કિમત રૂપિયા ૬૯,૦૦૦/–, ચાંદીના દાગીનાનો ભંગાર કિમત રૂપિયા ૩૫,૦૦૦/–, સોનાના પડવાળી બંગડી કિમત રૂપિયા ૫૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૮૪,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.મિયાત્રા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૪૬/૨૦૨૬**

અમરાઈવાડીઃ લક્ષ્મીબહેન ડો/ઓ કનુભાઈ નાયી (ઉ.વ.૧૯)(રહે.કનુભાઈ રબારીના મકાનમાં, રબારી કોલોની ગેટ નં– ૦૩ ની અંદર, ગુજરાતી શાળા નંબર–૦૪ પાસે, અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૧/૨૦૨૬ બપોરના ૧૨/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.ગોસાઇ ચલાવે છે.

વાડજઃ નિશાબહેન વા/ઓ સૌરભભાઇ સોની (ઉ.વ.૨૬)(રહે, બીજો માળ, સુવર્ણ હાઇટ્સ, મેવાલાલા ફ્લેટ પાસે, કિરણપાર્ક, જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૧/૨૦૨૬ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.ઈ.શ્રી વી.આર.ડાંગર ચલાવે છે.

ગોમતીપુરઃ જયંતીભાઈ ચંદુલાલ બઢીયા (૭૦.વ.૫૫)(રહે. ગજરા કોલોની, સુખરામનગર પાણીની ટાંકી પાસે, ગોમતીપુર) તા.૦૯/૦૧/૨૦૨૬ ના કલાક ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાહુલભાઇ પ્રહલાદભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી